Extra No. 177

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **MONDAY, July 06, 2026 / ASADHA 15, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું ::-

૧. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણ પત્ર જા.નં.પીબી/જનરલ/૨૮૬૯/૨૦૨૬ ૧૨/૦૬/૨૦૨૬

૨. પોલીસ અધિક્ષકશ્રી, પાટણ પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/અભિપ્રાય/૬૯૦/૨૦૨૬ તા.૨૨/૦૬/૨૦૨૬

૩. સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પાટણના પત્ર નં.જ.સં./એમએજી/૭૭૬/૨૦૨૬ તા.૦૧/૦૭/૨૦૨૬

-:: જાહેરનામું ::-

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૦૦૨૮ થી ૧૦૦૮૯/૨૦૨૬.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણના જા. નં.પીબી/જનરલ/૨૮૬૯/૨૦૨૬ તા.૧૨/૦૬/૨૦૨૬થી પાટણ પેટા વિભાગ હસ્તકના કાંસા-સરીયદ-સાંપ્રા-ઉદરા રોડ કિ.મી.૦/૦ થી ૧૭/૬૮૦ રસ્તાના રી-કન્સ્ટ્રકશન, સી.સી. રોડ, સરફેસીંગની કામગીરી કરવા માટે આ રોડ ઉપરથી પસાર થતા ભારે વાહનોનો ટ્રાફિક બંધ કરી અન્ય રસ્તા પર વધુ ૨ માસ (૬૦ દિવસ) સુધી પ્રતિબંધિત કરી નીચે મુજબના અન્ય રસ્તા ઉપર ડાયવર્ઝન આપવા માટે જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

ક્રમ	રૂટ	રસ્તાનો પ્રકાર	અંતર
૧	કંબોઈ-મેલુસણ-કાંસા-પાટણ(એસ.એચ.૧૩૦) રોડ	એસ.એચ.	૨૮.૦૦ કિ. મી.

સબબ, કાંસા-સરીયદ-સાંપ્રા-ઉદરા રોડ કિ.મી.૦/૦ થી ૧૭/૬૮૦ રસ્તાના રી-કન્સ્ટ્રકશન, સી.સી. રોડ, સરફેસીંગની કામગીરી કરવાના કામે આ રોડ ભારે વાહનો માટે બંધ કરી અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવાની માંગણી અન્વયે આમુખ - ૨ ની વિગતે પોલીસ અધિક્ષકશ્રી, પાટણ તથા આમુખ-૩ ની વિગતે સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પાટણનાઓએ હકારાત્મક અભિપ્રાય આપેલ છે. સબબ, પોલીસ અધિક્ષકશ્રી, પાટણ અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પાટણના અભિપ્રાયની વિગતો ધ્યાને લેતાં, આ રસ્તા પરના વાહન વ્યવહારને વૈકલ્પિક રસ્તા પર ડાયવર્ટ કરવાની માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું ડૉ.પ્રશાંત જીલોવા,IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ કાંસા-સરીયદ-સાંપ્રા-ઉદરા રોડ કિ.મી.૦/૦ થી ૧૭/૬૮૦ રસ્તાના રી-કન્સ્ટ્રકશન, સી.સી. રોડ, સરફેસીંગની કામગીરી કરવાના કામે આ રોડ પર ભારે વાહનો પસાર થવા પર પ્રતિબંધ ફરમાવું છું તથા ભારે વાહનો માટે નીચેના વૈકલ્પિક જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવું છું.

ભારે વાહનો માટે ડાયવર્ઝન રૂટ

ક્રમ	રૂટ	રસ્તાનો પ્રકાર	અંતર
૧	કંબોઈ-મેલુસણ-કાંસા-પાટણ(એસ.એચ.૧૩૦) રોડ	એસ.એચ.	૨૮.૦૦ કિ. મી.

અમલવારીનો સમયગાળો

આ જાહેરનામું, જાહેરનામામાં સહી કર્યા તારીખથી ૬૦ (સાઈઠ) દિવસ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ / વ્યકિત / સંસ્થા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા કરવાની રહેશે. તેમજ “રોડ બંધ છે”, “ડાયવર્ઝન” જેવા બોર્ડ જે તે સ્થળોએ સ્થાનિક પોલીસે મુકવાના રહેશે.

આજ રોજ તારીખ :૦૬/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

પ્રશાંત જીલોવા IAS,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.06 16:56:56 IST